# જેમિની રોય: વીસમી સદીના લોકપ્રિય ચિત્રકાર

**વીસમી સદીની ભારતીય ચિત્રકલાની વાત આવે એટલે જેમિની રોય યાદ આવ્યા વિના ન રહે ! ગૂગલ એના શિરસ્તા પ્રમાણે દરરોજ એના હોમપેજ પર ક્રિએટિવ ડૂડલ મૂકે છે કે જે ગૂગલ ડૂડલ તરીકે ઓળખાય છે.તા.૧૧ એપ્રિલ ૨૦૧૭ના રોજ જેમિની રોયની ૧૩૦મી જન્મજયંતિ નિમિત્તે ગૂગલે હોમપેજ પર તેમના સર્જનનું ડૂડલ મૂક્યું હતું.**



**વિનય મહેતા** . aarpar@gmail.com

વીસમી સદીની ભારતીય ચિત્રકલાની વાત આવે એટલે જેમિની રોય યાદ આવ્યા વિના ન રહે ! ગૂગલ એના શિરસ્તા પ્રમાણે દરરોજ એના હોમપેજ પર ક્રિએટીવ ડૂડલ મૂકે છે કે જે ગૂગલ ડૂડલ તરીકે ઓળખાય છે.તા.૧૧ એપ્રિલ ૨૦૧૭ના રોજ જેમિની રોયની ૧૩૦મી જન્મજયંતિ નિમિત્તે ગૂગલે હોમપેજ પર તેમના સર્જનનું ડૂડલ મૂકયું હતું.

ખેર, જેમિની રોયની વાત કરીએ તો કહેવું પડે કે તેઓએ કોલકાતાની ગર્વમેન્ટ કોલેજ ઓફ આર્ટ ખાતેથી સ્નાતકની ડિગ્રી મેળવી હતી.ઇન્ડિયન સોસાયટી ઓફ ઓરિએન્ટલ આર્ટના સર્જક અબનિન્દ્રનાથ ટાગોરના તેઓ વિદ્યાર્થી હતા. બંગાળમાં વર્ષ ૧૮૮૭માં બન્કુરા જિલ્લાના બેલિઆતોર ગામમાં તેમનો જન્મ થયો હતો.છ દાયકાથી પણ વધારે સમયગાળા સુધી તેમણે કમિશન્ડ પોટ્રેઇટ આર્ટિસ્ટ તરીકે કામ કર્યું હતું. જોકે ત્યારબાદ તેમણે કમિશન્ડ પોટ્રેઇટ આર્ટિસ્ટ તરીકે કામ કરવાનું છોડી દીધું હતું.અને પછી ભારતીય લોકકલામાં પ્રયોગ કરવાનું ચાલુ રાખ્યું હતું. બંગાળ પ્રાંતમાં મૂર્તિઓને ચીતરવાના પરંપરાગત વ્યવસાય માટે જાણીતો સમુદાય કે જ્ઞાતિ એટલે પટુઆ સમુદાય. આ પટુઆ સમુદાય કે જ્ઞાતિ પાસેથી તેઓ ઘણી બધી બાબતો શીખ્યા હતા.રોયનું કામ માત્ર અને માત્ર પેઇન્ટિંગ પૂરતું મર્યાદિત નહોતું બલકે તેમણે લાકડા ઉપર પણ કામ કર્યું હતું. શિલ્પોના સર્જન પાછળ પણ તેમણે એમની કલા કામે લગાડી હતી.આ શિલ્પોને જોતાં ખબર પડે છે કે તેઓ કેટલા ઉમદા કલાકાર હતા. આ શિલ્પો ખરેખર તો આપણને બંગાળની જે પરંપરાગત કલા છે તેનું દર્શન કરાવે છે.

હવે વાત કરીએ એમની કારકીર્દિના શરૂઆતના ગાળાની. એ ગાળામાં તેઓ ઇમ્પ્રેશનિસ્ટ લેન્ડસ્કેપ અને પોટ્રેઇટ પેઇન્ટિંગની જે બ્રિટિશ સ્ટાઇલ છે , તેને વળગી રહ્યા હતા. મતલબ કે એ પ્રમાણે કામ કરતા હતા. એમના ચિત્રોની વાત કરીએ તો કહેવું પડે કે તેમના ચિત્રોમાં વિષયનું વૈવિધ્ય જોવા મળે છે.તેમના ચિત્રોમાં બંગાળની સંથાલ જાતિનું દર્શન થાય છે. એમના ચિત્રોમાં તારણહાર જિસસ ક્રાઇસ્ટના દર્શન થાય છે.મા-દીકરાનું ચિત્ર પણ તેમણે સર્જ્યું હતું.પ્રાણીઓનાં ચિત્રો પણ તેમણે દોરેલાં. કોઇ એક કાળે એમણે બંગાળી લોકકલાની સ્ટાઇલને પસંદ કરતાં મોડર્ન સ્ટાઇલ તરફ ધ્યાન આપવાનું બંધ કરી દીધું હતું. મતલબ કે એમણે એ સ્ટાઇલને રિજેક્ટ કરી હતી.

વર્ષ ૧૯૩૪માં જેમિની રોયે વાઇસરોય ગોલ્ડ મેડલની પ્રશસ્તિ મેળવી હતી. પશ્ચિમી પરંપરામાંથી નહીં બલકે પોતાની આગવી સંસ્કૃતિમાંથી પ્રેરણા મેળવીને કંઇક દોરવાની વાત જ્યારે તેમને સમજાઇ ત્યારે તેમણે લોકકલામાં પ્રયોગો કરવાનું આરંભ્યું હતું. કાલીઘાટ પેઇન્ટિંગની સાદગીભરી સુંદરતા એમને સ્પર્શી ગઇ હતી.એ પછી એમણે એમનું મહત્તમ ધ્યાન કે ફોકસ ગ્રામીણ ભારત ઉપર આપ્યું.વિશેષ રીતે જોવા જઇએ તો એમણે બંગાળની સંથાલ જ્ઞાતિની સંસ્કૃતિ પર વધારે કામ કર્યું.

વર્ષ ૧૯૪૦માં એમનાં દોરેલાં ચિત્રોની લોકપ્રિયતા કે પોપ્યુલારિટી ખૂબ વધી હતી.બંગાળમાં તમે જાવ તો જેમિની રોયે દોરેલાં ચિત્રો તમને કેલેન્ડર, સ્કૂલબૅગ્સ અને સાડીમાં જોવા મળશે. એમના ચિત્રો લોકોને ખૂબ ગમતા હતા.અલબત્ત રોય હંમેશાં માન સન્માન અને ચમકદમકથી જોજનો દૂર રહ્યા હતા અથવા એમ કહી શકાય કે એ બધી બાબતોથી તેઓ વણસ્પર્શ્યા રહ્યા હતા.એમનું સમગ્ર ધ્યાન જો કોઇ બાબતમાં રહ્યું હોય તો તે એમની કલા. હા, રોયના લગભગ વીસ હજારથી પણ વધારે સર્જનોમાંથી ભાગ્યે જ કોઇ એવું સર્જન હશે જે ૩૫૦ રૂ. કરતાં વધારે કિંમતમાં વેચાયું હોય! એમનાં ઘણાં ચિત્રો વેચાયાં હતાં. અને જ્યારે એમનું ચિત્ર કોઇએ ખરીદ્યું હોય અને એમને લાગે કે જો ખરીદનાર એ ચિત્રની જેવી સંભાળ લેવી જોઇએ તે નહીં લે તો તેઓ તરત તેમની પાસેથી વેચાયેલ ચિત્ર પરત ખરીદી લેવાનું રાખતા હતા. અર્થાત્ વેચાયેલ ચિત્ર પાછું ખરીદી લેતા હતા.

વર્ષ ૧૯૫૪માં એમને પદ્મભૂષણથી નવાજવામાં આવ્યા હતા. તેમના નોંધપાત્ર સર્જનોની વાત કરીએ તો કહેવું પડે કે એમાં 'ગોપીની', 'મધર એન્ડ ચાઇલ્ડ' 'કૃષ્ણ બલરામ', 'ત્રણ પૂજારણ' વગેરેનો સમાવેશ થાય છે.રોયે જીવનનો મોટાભાગનો હિસ્સો બંગાળમાં પસાર કર્યો હતો. તેઓ બંગાળમાં રહ્યા અને સર્જનકાર્ય પણ અહીં જ કર્યું હતું.જોકે વર્ષ ૧૯૭૨માં તેઓ આ ફાની દુનિયા છોડીને અનંતની યાત્રાએ ચાલી નીકળ્યા હતા.